# આખરે જિલ્લા સહકારી બેંકોમાં લેવડ-દેવડની મંજુરી

## ૨૪ નવેમ્બર સુધી પ્રતિ સપ્તાહ ૨૪૦૦૦ નાણા ઉપાડવા ગ્રાહકને મંજુરી આપવા જિલ્લા સહકારી બેંકને પરવાનગી

અમદાવાદ, તા.૧૫

તમામ જિલ્લા સહકારી બેંકો (ડીસીસીબી)માંથી પૈસાના ઉપાડને આખરે મંજુરી આપી દીધી છે. આની સાથે જ મોટી સંખ્યામાં ખેડૂત સમુદાયને રાહત થવાની સંભાવના દેખાઈ રહી છે. એક દિવસ સુધી પ્રતિબંધ રહ્યા બાદ આરબીઆઈએ જિલ્લા કો-ઓપરટિવ બેંકોમાંથી ઉપાડને મંજુરી આપી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સોમવારે જ આ તમામ જિલ્લા સહકારી બેંકોને તેમના કસ્ટમરોને ૨૪મી નવેમ્બર ૨૦૧૬ સુધી પ્રતિ સપ્તાહ ૨૪૦૦૦ રૂપિયા ઉપાડી લેવાની મંજુરી આપવા પરવાનગી આપી દીધી છે. જો કે, ડીસીસીબીને એક્સચેંજ અને નોટ જમા કરવાથી હજુ પણ દૂર રાખવામાં આવી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની આ પ્રકારની નોટોની સામે તેની સુવિધાને લઈને પ્રશ્નો અકબંધ રહ્યા છે. ૧૪મી નવેમ્બરના દિવસે આરબીઆઈએ પરિપત્ર જારી કરીને આ અંગેની સૂચના આપી હતી.

રવિવારના દિવસે જુની નોટ જમા કરાવવા અને સ્વિકારવાથી જિલ્લા સહકારી બેંકો ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. ગુજરાતમાં ૧૮ જિલ્લામાં સહકારી બેંકો આવેલી છે. શહેરી કો-ઓપરેટિવ બેંકોની જેમ જ ડીસીસીબી મુખ્યરીતે ખેડૂત સમુદાયની બાબતોમાં કામ કરે છે. તેના મોટાભાગના થાપણદારો ખેડૂતો છે. આ બેંકો ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કો-ઓપરેટિવ બેંક સેક્ટરના લીડરો સોમવારના દિવસે દિલ્હી પહોંચી ગયા હતા અને તેમના નિર્ણય ઉપર ફેર વિચારણા કરવા સરકારને અપીલ કરી હતી. સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન દિલીપ સંઘાણીએ માહિતી આપતા કહ્યું છે કે, તેઓ સંબંધિત સત્તાવાળાઓને મળવા માટે દિલ્હી પહોંચ્યા હતા અને જિલ્લા કો-ઓપરેટિવ બેંકો ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને લઈને રજૂઆત કરવામાં આવી હતી. નિયમોને કઠોરરીતે પાળવા માટે કો-ઓપરેટિવ બેંકોને કહેવામાં આવ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, સૂચનોને યોગ્યરીતે પાળવાની જરૂર છે. ૨૪ કલાકની અંદર જ રિઝર્વ બેંકે જિલ્લા કો-ઓપરેટિવ બેંકોમાંથી ઉપાડને મંજુરી આપી દીધી છે. રિઝર્વ બેંકે નોટના સંદર્ભમાં અગાઉ જિલ્લા કો-ઓપરેટિવ બેંકો ઉપર પ્રતિબંધ મુક્યો હતો જેના લીધે જુની નોટ સ્વિકારવા અને નોટ બદલાવવાને લઈને તેની સામે તકલીફ ઉભી થઈ હતી.

# ભાજપના શાસનમાં સતત આર્થિક શોષણ થઈ રહ્યું છે

## સમાન કામ, સમાન વેતનના નારા સાથે કોંગ્રેસના દેખાવો પ્રમુખ ભરતસિંહના ભાજપ સરકાર ઉપર તેજાબી પ્રહારો

ભારત દેશમાં બંધારણ જ સર્વોપરી છે પરંતુ આ વિધાન ભાજપ શાસનમાં ગુજરાતના યુવાનો માટે માત્ર સ્વપ્ન સમાન જ છે. રાજયના યુવાનોના હક્ક અને અધિકાર, સમાન કામ સમાન વેતનના નારા સાથે આઉટ સોસિંગ કરીને કોન્ટ્રાકટ આધારે ભરતી કરીને તેમને ઉચ્ચક પગાર આપીને સતત આર્થિક શોષણ કરીને શુ સાબિત કરવા માંગે છે શું ફિક્સ પગારદાર કોન્ટ્રાક્ટ પ્રથા, આઉટ સોસીંગમાં કામ કરતા ૧૫ લાખ કરતાં વધુ કર્મચારીઓ મનુષ્ય નથી. શું ગુજરાતના નાગરિકો નથી આ અસહ્ય મોંઘવારીમાં નગણ્ય પગાર આપતી ગુજરાત સરકારને ગુજરાત હાઈકોર્ટે સમાન કામ સામે સમાન વેતન આપીને આ ફિક્સ પગારની નિતીને રદ્દ કરવાનો આદેશ આપ્યો હોવા છતાં તેનું પાલન ના કરીને પોતાના અહમમાં કેમ પ્રજાનું કલ્યાણ ભુલી ગઈ છે આ ભાજપ સરકાર શું કલ્યાણ રાજય હોવાનો માત્ર દાવો જ કરતાં આવડતું હશે આ ભાજપ સરકારને ભાજપ સરકારની શોષણ નિતીના લીધે એક તરફ બેરોજગારીનો આંકડો કુદકે ને ભુસકે વધી રહ્યો છે. તો બીજી તરફ ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સ અને હંગામી ધોરણે નોકરીઓ આપી કરવામાં આવતા આર્થિક શોષણ સામે યુવાધનમાં ભારે આક્રોશ અને અજંપો છે. રાજયના યુવાનોના હક્ક અને અધિકાર, સમાન કામ સમાન વેતન ના નારા સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા તા. ૧૪મી, ૧૫મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ બે દિવસીય ધરણાના કાર્યક્રમના સમાપનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ધારાસભ્યો, કોર્પોરેટરઓ, આગેવાનો અને વિવિધ વિભાગોમાં કાર્યરત ફિક્સ પગારદાર, આઉટ સોસિંગ અને કોન્ટ્રાકટ ના કર્મચારીઓના પરિવારોનો સંબોધન કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર આર્થિક અસ્પૃશ્યતા અસમાનતાની ખુબ મોટી સમર્થક છે.

સમાન કામ સમાન વેતનના નારા સાથે ગુજરાતના ફિક્સ પગાર, કોન્ટ્રાકટ પ્રથા અનો આઉટ સોસીંગના ૧૫ લાખ કરતાં વધુ યુવાનોના ન્યાય માટે કોંગ્રેસ પક્ષ દ્વારા યોજાયેલ બે દિવસના ધરણામાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય પ્રવકતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન અસંખ્ય ઘટનાઓમાં ફીક્સ પગારદાર, કોન્ટ્રાક્ટ પ્રથા અને આઉટ સોસીંગમાં કામ કરાત કર્મચારીઓ ભોગ બને કે જીવ ગુમાવે છે ત્યારે આ સરકાર તેઓને ફિક્સ વેતનના કર્મચારીઓ કહીને હાથ ઉપર કરી દે તેવી ભાજપ સરકારની માનવતા વિરોધી નિતી છે.




કોંગ્રેસ પક્ષ દ્વારા તા. ૧૪મી, ૧૫મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ બે દિવસીય ધરણાનાં કાર્યક્રમના સમાપનમાં સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ વિભાગોમાં સરકાર કરકસરના બહાનાં હેઠળ ફિક્સ પગારના નામે, મોટા ભાગનું



નોટબંધીના ૭મા દિવસે પણ બેંકો પર લાંબી લાઈનો યથાવત રહી હતી. બે રજાઓ બાદ પણ મંગળવારે સવારથી જ જૂની ચલણી નોટો બદલવા ગ્રાહકો કતારબદ્ધ બેંક પર જોવા મળતા હતા. સતત ૭ - ૭ દિવસથી લાગતી લાઈનો દેશભરમાં ચર્ચાનો મુદ્દો બની છે. જરૂરિયાતવાળા જ ગ્રાહકો લાઈનમાં છે કે કાળા નાણાના ધારકો ભાડુતી માણસોને ઉભા રાખ્યા છે.

# બેંકો અને એટીએમથી નાણા ઉપાડવા લાઈન યથાવત

અમદાવાદ, તા.૧૫

શહેરમાં આજે સતત છઠ્ઠા દિવસે પણ એટીએમમાંથી રૂપિયા મેળવવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી હતી.શહેરના વેજલપુર સહીતના અનેક વિસ્તારોમાં એટીએમ રોકડના અભાવે મોડે સુધી ન ખોલવામાં આવતા લોકોએ ભારે રોષ વ્યકત કર્યો હતો.આ અંગેની વિગત એવી છે કે,ગત આઠમી નવેંબરની મધરાતથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ બેન કરવામાં આવ્યા બાદ દસમી તારીખથી એટીએમ શરૂ કરવામાં આવ્યા છે.ત્યારથી લઈને આજે સતત છઠ્ઠા દિવસે પણ લોકોને રાહત મળતી ન હોય એમ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા એટીએમમાં રોકડની વયવસ્થા ન કરી શકાઈ હોવાના કારણે વહેલી સવારથી લાઈનમાં ઉભા રહેલા લોકોએ કંટાળી સિસ્ટમ સામે પોતાનો રોષ વ્યકત કર્યો હતો.વેજલપુર વિસ્તારમાં સવારના નવ પછી એટીએમ શરૂ કરી શકાયા હતા.એટીએમ શરૂ થતાની સાથે જ લોકોએ નાણાં મેળવવા પડાપડી કરતા કેશ પણ ખાલી થઈ જવા પામી હતી.બીજી તરફ રીઝર્વ બેંક દ્વારા તમામ બેંકોને ખાસ ગાઈડલાઈન વૃધ્ધો અને દિવ્યાંગોને લઈને આપવામાં આવી છે.

આ ગાઈડલાઈન પ્રમાણે તમામ બેંકોએ વૃધ્ધો અને દિવ્યાંગોને માટે અલગ લાઈન રાખવી ફરજિયાત હોવાછતાં મોટાભાગની બેંકોએ આ સુચનનો અમલ કરવાને બદલે તમામની એક જ લાઈન કરાવતા લોકોમાં ગુસ્સો જોવા મળ્યો હતો.આજે સતત છઠ્ઠા દિવસે પણ બેંકોની બહાર લોકોની લાંબી કતારો જોવા મળી હતી.હવે રૂપિયા ૪૫૦૦ની મર્યાદા રૂપિયા બદલાવવા અંગે કરવામાં આવી છે ત્યારે આજે પણ રૂપિયા બદલવા માટે શહેરના સેટેલાઈટ, વસ્ત્રાપુર, માણેકબાગ, પાલડી, કોટ વિસ્તારમાં દરીયાપુર, શાહપુર, રાયપુર સહીતના અનેક વિસ્તારોમાં લોકોએ લાંબી લાઈનમાં ઉભા રહીને રૂપિયા બદલાવ્યા હતા.બેંકોમાં કેશ ખુટી જવાના કારણે અમુક બેંકોને સમય પહેલા જ બંધ કરી દેવામાં આવતા લાંબા સમયથી લાઈનમાં ઉભા રહેલા લોકો અકળાયા હતા.

# ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વિશેષ કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા અમલી શિક્ષણ અને ધંધાકિય સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો ચેક વિતરણ સમારોહ તા. ૧૭.૧૧.૨૦૧૬ના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાશે. રાજયમાં ઠાકોર અને કોળી સમાજના સર્વાંગી વિકાસના ભાગરૂપે આર્થિક તેમજ શૈક્ષણિક ઉત્કર્ષના હેતુથી ગુરુવાર સવારે ૧૧-૦૦ કલાકે યોજાનાર આ ચેક વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર, અતિથિવિશેષ તરીકે શ્રમ અને રોજગાર રાજય મંત્રી દિલીપકુમાર ઠાકોર ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર રાજયકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી પુરૂષોત્તમ સોલંકી, રાજયકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રી કેશાજી ચૌહાણ, રાજયકક્ષાના પશુપાલન મંત્રી બચુભાઈ ખાબડ તેમજ રાજયકક્ષાના સહકાર મંત્રી ઈશ્વરભાઈ પટેલ સહિત સંસદીય સચિવ સર્વે હીરાભાઈ સોલંકી, શામજીભાઈ ચૌહાણ, ભરતસિંહ ડાભી, વિશેષ ઉપસ્થિત રહેશે. તેમ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષની યાદીમાં જણાવાયું છે.




ફ્રી પાર્કિંગ : નોટબંધીને પગલે છુટા નાણાંથી સર્જાતી હાલાકી દુર કરવા એરપોર્ટ પર પાર્કિંગનો કોઈ ચાર્જ નહીં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હમણા પાર્કિંગ ચાર્જ વસુલવાના બુથ બંધ કરાયા હતા.

# અમદાવાદમાં ૧૨ દિનમાં ડેન્ગ્યુના ૪૭ કેસો નોંધાયા

અમદાવાદ, તા.૧૫

શહેરમાં ફરી એકવાર ડેન્ગ્યુ અને ચીકનગુનીયાના રોગે માથુ ઉચકયું છે.આ મહીનાની શરૂઆતના માત્ર બાર જ દિવસની અંદર ડેન્ગ્યુના ૪૭ કેસ અને ચીકનગુનીયાના ૩૧ કેસ શહેરના વિવિધ વિસ્તારોમાં નોંધાવા પામતા તંત્ર હરકતમાં આવ્યું છે.આ અંગે મળતી વિગતો અનુસાર, અમદાવાદ શહેરમાં અગાઉના વર્ષની સરખામણીમાં આ વર્ષે ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે તેવા સમયે જ નવેંબર મહીનાની શરૂઆતમાં જયાં એક તરફ ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો છે તેવા સમયે વિવિધ વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે જ ડેન્ગ્યુના કેસોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગના સૂત્રોના કહેવા મુજબ,માત્ર બાર જ દિવસની અંદર શહેરના વિવિધ છ ઝોનમાં મળીને મચ્છરજન્ય એવા ડેન્ગ્યુના કુલ મળીને ૪૭ જેટલા નવા કેસ નોંધાવા પામ્યા છે.આ વર્ષે અત્યારસુધીમાં ડેન્ગ્યુને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલો ઉપરાંત અન્ય ખાનગી હોસ્પિટલોમાં મળીને આઠ જેટલા લોકોના મોત થવા પામ્યા છે.

# બાળપણથી જ રમત-ગમત સાંસ્કૃતિક કેળવણી જરૂરી

## ઉત્તમ પરિણામો મળી શકે તેના માટે કેળવણી ખુબ જરૂરી બની : ઓલિમ્પિક રમતવીરો સજ્જ કરવા ખાસ કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૫

સઘન આયોજન સાથે રમતોને પ્રોત્સાહન આપવાની તરફેણ કરતા ગુજરાતના રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, કેળવણી સાથે સંકલિત કરીને બાળપણથી જ રમત ગતમની સંસ્કૃતિ કેળવી શકાય છે. જેથી કરીને ઉત્તમ પરિણામોની પ્રાપ્તિ થઈ શકે છે. આજે નવી દિલ્હી ખાતે યોજાયેલી રમત ગમત મંત્રીઓ પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ રમત ગમત શિક્ષકોની ભરતી સાથે તબક્કાવાર રીતે અભ્યાસક્રમના એક વિષય તરીકે રમતોનો સમાવેશ કરવો જોઈએ. શિક્ષણ મેળવવાના અધિકાર અધિનિયમમાં સુધારણા દ્વારા રમત ગમતોને ફરજિયાત સમાવેશ પણ રમતોને પ્રોત્સાહન માટે એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એક નવી પહેલના ભાગ રૂપે ત્રિવેદીએ એમ પણ સુચવ્યુ હતું કે, પ્રધાન મંત્રી મિશન ઓલિમ્પિક કાર્યક્રમની શરૂઆત સંભવિત ઓલમ્પિક રમતવીરો સજજ કરવા વર્ષ ૨૦૨૦, ૨૦૨૪ અને ૨૦૨૮ને અનુલક્ષીને થવી જોઈએ અને રાષ્ટ્રીય પ્રતિભાને અનુલક્ષીને વિશેષધિકાર કાર્ડ આપવા જોઈએ. જે તાલીમ, સ્પર્ધામાં દેખાવ, વીમો, રોજગારી, અભ્યાસ દરમ્યાન ગેરહાજરી સંદર્ભે રાહત વગેરેની સાથે પુરો પાડી શકે.

ચોક્કસ પ્રતિભાની આગવી ઓળખ માટે ગુજરાત જેવા જ મોડેલ પર રમત આધારિત ખેલો ઈન્ડિયાનો મુખ્ય સ્ત્રોત તરીકે ઉપયોગ થવો જોઈએ. ગુજરાતના મંત્રીએ પ્રસ્તાવ રજુ કર્યો હતો કે જેમાં કેન્દ્ર સરકારની પણ સહાયતા રહેલી છે તેવી જિલ્લા સ્તરની સ્પોર્ટસ સ્કુલ યોજના દ્વારા આવી પ્રતિભાઓને તદન નીચલા સ્તરેથી કેળવણી પુરી પાડી શકાય છે અને નવોદયા સ્કુલ અને કેન્દ્રિય વિદ્યાલયમાંના કેટલાક કેન્દ્રોને સ્પોર્ટસ સ્કુલમાં રૂપાંતરીત કરી શકાય તેમ છે. પરિષદને સંબોધતા રમતગમત મંત્રીએ જણાવ્યું હતું કે, શાળાઓ, કોલેજ, કોર્પોરેશન્સમાં સરકારની માલિકીની વધારાની જમીનો તથા ટીપી સ્કીમ હેઠળના વણવપરાયેલા કોમન પ્લોટનો મુખ્ય હેતુ માટે ઉપયોગ ન થતો હોય ત્યારે તેનો રમત ગમત માટે વપરાશ થવો જોઈએ. શહેરી અને ગ્રામીણ આયોજન દરમ્યાન અનામત પ્લોટની જરૂરિયાત પર ભાર મુકતાં તેમણે જણાવ્યું હતું કે, દરેક ગામમાં રમતનું મેદાન અનામત હોવું જોઈએ, તેમજ ગામના દરેક બ્લોકમાં રમત ગમતના સંકુલ માટે ઓછામાં ઓછા ૫ એકરના પ્લોટ હોવા જોઈએ.

### નાની નોટથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ નાના દરની વધુ નોટ્સ માટે રિઝર્વ બેંક સમક્ષ રજુઆત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. રૂ. ૫૦૦ની નવી નોટને લઈ પાટનગરમાં ભારે ઉત્તેજના જરૂર પ્રવર્તી રહી છે પણ લોકો હાલ નાના દરની નોટ સ્વીકારી અને વ્યવહારો સામાન્ય થાય તે દિશામાં વધુ વ્યસ્ત બન્યા છે.

દેવ દિવાળી પછી લગ્નસરાની મોસમ પણ આરંભાઈ છે ત્યારે રૂ. ૫૦૦ના દરની નવી નોટ ઝડપથી આવે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

### હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

ચા વાળાની જ વાત કરીએ તો નવેમ્બરની આઠમી તારીખે ‘મન કી બાત’ કરી અંતર્ધાન થઈ ગયેલા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ મોદી બાપુએ બધા ને એક સરખા કરીને મુકી દીધાં. અને રાત્રે માત્ર ત્રણ કલાકમાં જે મેસેજ, ટુચકા, રમૂજ, ફોટો અને ક્રિએટીવીટી દેખાઈ છે એ ખરેખર કાબિલેદાદ હતી. આ સોશિયલ મીડિયાના માધ્યમથી જ કદાચ કેટકેટલી જરુરી (અને બિનજરૂરી, ભડકાઉ, નેગેટીવ) માહિતી ઠલવાતી રહી. એક જમાનામાં માત્ર અખબાર અને પછી ટીવી પર આધારિત પ્રજા આજે જોતાજોતામાં અપડેટ થાય છે.

‘પાકિસ્તાની ચાયવાલા’ અને ‘નેપાલી તરકારીવાલી’ બંને જણાની ખરેખર લૉટરી જ લાગી સમજોને, જેણે એમને ક્લિક કર્યા, મીડિયા પર અપલોડ કર્યા અને લાખ્ખો લોકોએ પસંદ કર્યા, ઑફર કરી ત્યારે અવશ્ય થાય છે કે એમને તકને કેશ કરી લેવી જોઈએ, કારણ કે સ્થળ બહુ લપસણું છે, કયારે કોઈ બીજો આવીને છવાઈ જશે એ કહેવું અને કળવું મુશ્કેલ છે. ઈન્ટરનેટની આટલી ભીડમાં પણ અર્શદ કે કુસુમ ફોટોજેનિક ફેસની સાથે તકદીરના પ્રતાપે પણ છવાયા છે, શું કહેવું છે? ટૂંકમાં ચાયવાલા માત્ર ભારતને નહીં પાકિસ્તાનને ફળે છે. નાના-નાના કામો કરીને પેટીયું રળતાં દરેક માટે આ આનંદના સમાચાર છે. તકદીર કયારે પલટી મારે કહેવાય નહીં!

ચૂંટલો : મોટાભાગના સેલિબ્રેટીના મૂળ કહાનીમાં ઉતરો ત્યારે ખબર પડે છે કે મહેનત, સંઘર્ષ અને ધગશની સાથે તકદીરે પણ પલટો મરાવ્યો છે. એટલે જ તો કેટલાય લોકોને કોકનો પારસમણિ સ્પર્શ બનતાં સોનું બને છે, અને કેટલાય સોશિયલ મીડિયા પર હવાતિયાં મારવાં છતાં રખડતાં જ રહી જાય છે.

### સ્ટેની અરજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. બીજી બાજુ સરકારના આ નિર્ણયને પરત લેવાની માંગ કરતી અરજી દાખલ કરનાર તરફથી કોર્ટમાં કપિલ સિબ્બલ ઉપસ્થિત રહ્યા હતા. સરકાર તરફથી કોર્ટમાં રજૂ થયેલા એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ આ માંગનો જોરદાર વિરોધ કર્યો હતો. કોર્ટે સરકારના નિર્ણયમાં દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. લોકોને તકલીફથી બચાવવા માટે કરવામાં આવતા ઉપાયોના સંદર્ભમાં પણ માહિતી આપવા કહેવામાં આવ્યું છે. સરકારના આ નિર્ણય બાદ બેંકો અને એટીએમ પર અફડાતફડી જોવા મળી રહી છે. બેંકો ઉપર લાંબી લાઈનો હજુ પણ જોવા મળી રહી છે. બીજી બાજુ સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારે આજે સાંજે એક મહત્વપૂર્ણ બેઠક પણ બોલાવી હતી. પરિસ્થિતિ કઈ હતી જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સામાન્ય લોકોને થઈ રહેલી તકલીફને હળવી કરવા કયા પગલા લેવાઈ રહ્યા છે તે અંગે પણ આમા માહિતી આપવામાં આવી રહી છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, સરકારનો અંદાજ છે કે, બ્લેકમનીના આંકડાનું કદ ૧૫થી ૧૬ લાખ કરોડનું છે. અમને આશા છે કે, ૧૦થી ૧૧ લાખ કરોડ રૂપિયા બેંકમાં જમા થશે. બાકીના ચારથી પાંચ લાખ કરોડ રૂપિયા ભારતમાં હિંસા ફેલાવવા માટે ઉત્તર પૂર્વ અને જમ્મુ કાશ્મીરમાં ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. રોહતાગીએ કહ્યું હતું કે, કેન્દ્રનો મુખ્ય ઉદેશ્ય બેંકોમાં ડિપોઝિટ કરી રહેલા લોકો અને માહિતી છુપાવી રહેલા લોકો ઉપર છે.

### શિયાળુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દો છવાઈ જાય તેમ માનવામાં આવે છે. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે. જ્યારે સરકાર લડાયક મુડમાં દેખાઈ રહી છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાને લઈને સરકારને ભીંસમનાં લેવા માટે કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો પ્રયાસ કરશે. સંસદની બહાર દેખાવો કરવાની નિતી પણ અપનાવવામાં આવી રહી છે. ખેડુતોને લઈને ચિંતા અને વન રેન્ક વન પેન્સનને લઈને જવાનોની નારાજગીનો મુદ્દો પણ છવાઈ જાય તેવી શક્યતા છે.

સરકાર કેટલાક બિલને આગળ વધારવા માટે તૈયાર છે. પેન્ડિંગ બિલને પસાર કરવા માટે પ્રયાસ કરશે. સરોગેસી બિલને લઈને પણ ચર્ચા કરવામાં આવનાર છે. ગુડ્સ એન્ડ. સર્વિસ ટેક્સ બિલ પર પણ ચર્ચા થશે. કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી , તૃણમુળ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સભ્યો સરકાર પર પ્રહાર કરવા માટે તૈયાર છે. કોઈ પણ વિખવાદ વગર સત્રને આગળ વધારી દેવા માટે સરકાર ઈચ્છુક છે. જો કે સરકારની આ ઈચ્છા પૂર્ણ થાય તેવી શક્યતા ઓછી છે. ત્રાસવાદ અને અન્ય કેટલાક જટિલ મુદા પર રહેલા છે. જેમાં સરકાર અને વિરોધ પક્ષો આમને સામને રહી શકે છે. નોટ પર પ્રતિબંધના નિર્ણયને પરત ખેંચી લેવાની માંગ વિરોધ પક્ષો કરી રહ્યા છે. વિરોધ પક્ષો દેશના લોકોને મુશ્કેલીમાં મુકવા બદલ મોદીને ભીંસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. શિયાળુ સત્રમાં કારોબારને લઈને તમામ રાજકીય પક્ષોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

### શાહીનું ટપકું

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ભીડને ઓછી કરવામાં મદદ મળશે. તેમણે કહ્યું હતું કે, મંગળવારથી જ મોટા શહેરોમાં નોટ બદલવા ઉપર શાહી લગાવવાની વ્યવસ્થા અમલી કરી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, મતદાન વેળા ઉપયોગ કરવામાં આવતી શાહી ઘણા દિવસ સુધી દૂર થતી નથી. આનાથી વારંવાર નોટ બદલવા આવનાર લોકોની ઓળખ થઈ શકશે. નાણા સચિવે એમ પણ કહ્યું હતું કે, વધુને વધુ લોકો નોટ બદલવા માટે પહોંચી રહ્યા છે. આ બાબતને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. દાસે કહ્યું હતું કે, કેટલાક લોકો માસૂમ બાળકોને લાઈનમાં લગાવી રહ્યા છે. એક જ વ્યક્તિ વારંવાર નોટ બદલાવશે તો બીજાને તકલીફ થશે. દાસે કહ્યું હતું કે, અમને એવી માહિતી મળી છે કે, કેટલાક લોકો વારંવાર નોટ બદલવા માટે લાઈનમાં લાગી રહ્યા છે. બેંકોની પાસે પુરતા પ્રમાણમાં રોકડ રકમ છે જેથી લોકોને ભયભીત થવાની બિલકુલ જરૂર નથી.